

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*તંત્રમાં હવે બધી જ જગ્યાએ ભેલાણ છે!*
*દબાણ, કાયદાને પોલીસનું ઢોળાણ છે.*
*ધોવાણ છે ભોળી પ્રજાનું ચારે તરફથી,*
*નિયમોમાં ભૂવા ને અમલમાં પોલાણ છે...*

### હાઈકુ

*નવરા બેઠા*
*જોયા કરો ફિતુર*
*બાંકડે બેસી*
*(મનપા સભ્યોની ગ્રાંટનો સહયોગ)*

*વાપરી નાખો*
*સ્વચ્છતા - આરોગ્યની*
*કિંમતી ગ્રાંટ*
*(બાંકડામાં)*

### ચિંતન

**સર્વભૂતેષુ ચ આત્માનં સર્વ ભૂતાનિ ચ આત્માનિ ।**
**મુનેઃ જાનતઃ આશ્ચર્ય મમત્વમ્ અનુવર્તતે ॥**

ઉપરોક્ત શ્લોક અષ્ટાવ્રક ગીતામાંથી લેવામાં આવેલ છે.

સર્વ ભૂતોમાં આત્માને અને સર્વ ભૂતોને આત્મામાં જાણનાર મુનિને પણ મમત્વ ચાલુ રહે છે, એ નવાઈની વાત છે.

યોગીને મમત્વ કેવું ? મુનિઓને જગત પ્રત્યે મમત્વ જોવા મળે છે. ત્યારે નવાઈ લાગે છે. સાધુઓને સંન્યાસીઓને, પણ આપણે જોઈએ છીએ કે પોતાના આશ્રમ તરફ, ગૌશાળા તરફ, શિષ્ય સમુદાય તરફ, પ્રવચનો તરફ, પ્રવચનો પરથી પ્રગટ થતાં પુસ્તકો પ્રત્યે, સમૃદ્ધ સન્યાસી હોય તો પોતાની કાર પ્રત્યે. આમ બધાં તરફ કંઈને કંઈ મમત્વ રહેલું જોવાય છે.

અષ્ટાવ્રક જણાવે છે કે જેણે બધું જ છોડી દીધું છે તેણે પણ માયા-મમતા છોડ્યાં હોતાં નથી. એ જ નવાઈની વાત છે. ખરેખર છોડવાના છે તે માયા-મમતા છે. સ્થૂળ સંસાર, સગા-સંબંધી કે સંપત્તિ છોડવાથી શું ? માયા અને મમતા ન હોય, મમત્વ ભાવ ન હોય તો અહંકાર પણ ન હોય, અહં ન હોય. તે કોઈની પણ ઈર્ષ્યા કે ધૃણા ન જ કરે. તેને શોક-મોહ પણ અસર ન કરે.

### સુવિચાર

- અરબ ખરબ મેં ધન જોઈએ, કરીયે લાખ ફરેબ,
  ઈસે રખ્ખોગે કહાં તુમ, જબ નહીં કફન મેં જેબ - **આહમદ મકરાણી**
- સંબંધોનું હોય છે ઘાસ જેવું, ઉગે નહીં - જો ના હોય ભીનાશ જેવું - **જનકલ્યાણ**
- શુભ કુલાચારોનું પાલન કરે તે કુલદીપક છે,
  શુભ કુલચારોનું નિકંદન કરે તે કુલાંગાર છે - **આચાર વિજયરાજરત્નસૂરિ**
- જયારે કર્મરૂપી પુષ્પમાં નીતિરૂપી સુવાસ મહેંકશે ત્યારે ભગવાનની કૃપા સહજતાથી પ્રાપ્ત થશે - **પૂ. રમેશભાઈ ઓઝા**
- લડવું એ ન્યાય માટે, સત્ય માટે, ધર્મ - નીતિ માટે હોય તો પ્રભુ આપણી સાથે છે - **ડો. પ્રણવ દવે**
- મહેનતથી લાગેલા થાક કરતા, વાદવિવાદ અને ચર્ચાથી લાગેલો થાક મોંઘો પડે છે - **ફેસબુક**
- આજનું ઔષધ : રોજ રાત્રે એક કપ સૂંઠના ઉકાળામાં એક ચમચો દિવેલ નાખી પીવાથી પિત્તનું શમન થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

સારા એકટર તરીકે હિન્દી સિનેમાનું જાણીતું નામ સઈદ જાફરી લંડનમાં રહેતા. ઓગણીસ મે વર્ષે તેમના લગ્ન મધૂર જાફરી જોડે થયા. ત્યારે મધૂર જાફરી સત્તર વર્ષના હતા. બ્રિટીશ કલ્ચરથી પ્રભાવિત સઈદ જાફરીને મધૂર જાફરી ઓછા બોલા શરમાળ અને બીકણ લાગતા. મધૂર તો એક આદર્શ ગૃહિણી તરીકે રહેવામાં જ ખુશ હતા. એની સામે સઈદ નો આગ્રહ હતો કે મધૂર થોડા મોર્ડન બને. પણ મધૂર એવા બદલાઈ શક્યા નહીં. અંતે છૂટાછેડા લીધા. સઈદ એક જૂનિયર સહકલાકાર સાથે ફરી લગ્ન કર્યા. એકાદ વર્ષમાં જ સઈદ નવા પત્નીથી પમ કંટાળી ગયા. એકવાર અચાનક એક મેગેઝિનમાં શાનદાર શેઠ મધૂર જાફરી વિશે લેક વાંચવામાં આવ્યો. લેખમાંનો સ્માર્ટ અને મોર્ડન લેડી જાફરીને જોઈને સઈદ તો ચક્કર ખાઈ ગયા. એમને એમના મિત્ર થકી મધૂરની તપાસ કરાવી તો જાણવા મળ્યું કે એમના નવા પતિ ખૂબ સમજું હતા. પ્રેમનો અર્થ સમજીને તેઓ મધૂર સાથે રહેતા હતા. મધૂર જેવા હતા તેવા એમણે સ્વીકારેલા હતા. એમને મધૂરની અંદર પડેલી પાક કળાને આગળ વધારવા માટે મોકળાશ આપી. જેના પરિણામે મધૂર વિસ્વાસથી ભરેલા અને સ્વનિર્ભર સ્ત્રી બન્યા. અને અવનવી વાનગી બનાવી આખા લંડનમાં જાણીતા શૅફ બન્યા. દાંપત્ય જીવનમાં સામેનું પાત્ર જેવું છે એવું જ સ્વીકારવાની વૃત્તિથી એના વ્યક્તિત્વ અને પ્રતિભા ખીલી શકે છે.

# ઝવેરચંદ મેઘાણી - લોકહૈયાના સર્જક

ગુજરાતી સાહિત્યમાં આવનારાં હજાર વર્ષો પછી પણ જે જૂન નામો જીવતાં રહ્યાં હશે તે પૈકીનું એક હશે ઝવેરચંદ મેઘાણી. મેઘાણી કોઈ યુગપવર્તક સર્જક નહોતા પરંતુ જે યુગમાં જીવતા હતા એની સાથે પૂરી વફાદારી અને ઈમાનદારીપૂર્વક જીવ્યા હતા. સાહિત્યકારોની હરોળમાં કદાચ એમને પ્રથમ પંક્તિમાં ન પણ મૂકીએ પરંતુ લોકહૈયે તો એ જ ટહુકતા રહ્યા છે અને હજી વર્ષો લગી ટહુકતા રહેશે. કલા ખાતર કલાની ઉપાસના કરનારા પ્રખર સર્જકો કરતાં આ લોકધર્મી સાહિત્યકાર, જે પોતાને વિનમ્રતાપૂર્વક ધૂળધોયા સાથે સરખાવતો રહ્યો છે તે એના જીવનકાળમાં જ એક દંતકથા બની ચૂક્યો હતો. વિશ્વના ઈતિહાસમાં ભાગ્યે જ કોઈ કવિએ ભરી અદાલતમાં એની કૅફિયત કાવ્ય સ્વરુપે રજૂ કરી હશે. ધંધુકાની કોર્ટમાં અંગ્રેજ ન્યાયાધીશ સામે 'અમારે ઘર હતા... ' કહી આખો માહોલ અશ્રુભીનો કરનાર આ કવિ સાચા અર્થમાં સમયના ધબકારા ઝીલનારો અને લોકહૈયે છેક ઊંડે ઢબૂરાયેલી વેદનાને વાચા આપનારો વૈતાલિક હતો. મેઘાણીએ ધાર્યું હોય તો જમાનાને અનુરુપ વણિક કોમના અન્ય લોકોની જેમ કોલકાત્તામાં અઢળક કમાણી કરતી વેપારી પેઢી ઊભી કરી હોત. પરંતુ એમને સતત ધરતીનો સાદ સંભળાતો રહ્યો અને તેઓ એ રોજમેળની દુનિયા સાથે મેળ ન કેળવી શક્યા. 'હું આવું છું' કહી એ વતનની વાટે સંચર્યા. ચોટીલાના પોલીસ લાઈનમાં ફોજદાર પિતાના સંતાન તરીકે જન્મેલ ડુંગરબાળને તો બરડા - ચોટીલાથી લઈ છેક મહીકાંઠા સુધીની ખડકાળ અને ખુમારીવાળી ધરતી ખૂંદવાનું જ ગમ્યું. મહાત્મા ગાંધીને કયારેય મળ્યા નહોતા છતાં એમનાં અંતરમનની પીડાને વાચા આપતું

**તંત્રીસ્થાનેથી...**

રચીને ઊપડતી આગબોટે ગોળમેજી પરિષદમાં ભાગ લેવા જઈ રહેલા યુગપુરુષને હાથોહાથ સુપરત કરી કૃતાર્થતા અનુભવી ત્યારે મહાત્માના મુખે સહજ ઉદ્ગાર સરી પડ્યા કે અરે, આ તો અદલ મારા જ હૈયાની વાત, મારી જ દૂંટીમાં ધોળાતો ગોરંભો ! અને એ વખતે કોઈ પણ ઔપચારિકતા વગર મળી ગયું એમને નોબેલોનું નોબેલ - યુગપુરુષે એમને 'રાષ્ટ્રીય શાયર' કહી બિરદાવ્યા. મેઘાણી કરતાં ઘણા મોટા ગજાના કવિઓ ત્યારે ગુજરાત અને અન્ય પ્રદેશોમાં હતા. મહાકવિ ન્હાનાલાલ હતા, પ્રખર કવિ નરસિંહરાવ ભોળાનાથ દીવેટીયા અને બ.ક. ઠાકોર હતા. બંગાળમાં રવીન્દ્રનાથ અને બંકિમબાબુ હતા. દક્ષિણમાં સુબ્રમણ્ય ભારતી હતા. મેઘાણી એ બધાની સરખામણીમાં ઘણા નાના સર્જક ગણાય પણ મહાત્માના મનમાં પ્રવેશ કરી એમની પીડાને વાચા આપી એથી એ 'રાષ્ટ્રીય શાયર' જેનું સૌને ઈર્ષ્યા થાય એવું બિરુદ પામી શક્યા હતા. 'યુગવંદના' નાં કાવ્યોથી લઈ અનેક અન્ય ભાષી સર્જકોનાં અનુસર્જકો 'સૌરાષ્ટ્રની રસધાર'ની પ્રસંગ કથાઓ અને 'સોરઠ તારાં વહેતાં પાણી' જેવી નવલકથાના આ સર્જકે ખરું કામ તો 'માણસાઈના દીવા' પ્રગટાવવાનું કર્યું. મહાત્મા ગાંધી પમ જેમની સાથે ખોળિયું બદલવામાં ગૌરવ અનુભવે એવા મૂક લોકસેવક રવિશંકર મહારાજને શબ્દસ્થ કરવા કોણ નવરું હતું ? મુનશી, ર.વ. દેસાઈ, ધૂમકેતુ અને બીજા ધુરંધર સર્જકો તો એમની કલ્પનાસૃષ્ટિની કથાઓ રચવામાં વ્યસ્ત હતા. મેઘાણીએ સાહિત્ય કરતાં પણ સવિશેષ ખેડાણ લોકસાહિત્ય અને પત્રકારત્વ ક્ષેત્રે કર્યું. પેટલીકર અને પન્નાલાલને મેઘાણીએ જ ગુજરાતી સાહિત્ય સમક્ષ રજૂ કર્યા. આવા મહાન કાલજયી શબ્દના બંદાને એમની જન્મતિથિએ કોટિ કોટિ વંદન...

# ખુશીના માર્યા તેના મોંમાંથી ચીસ નીકળી ગઈ



## નવાં કલેવર

નટવર હેડાઉ

રાજીનામું આપવાનો વિચાર તેણે ખુબ સમજી વિચારીને લીધો હતો.

તેને એ દિવસ બરાબર યાદ છે, જયારે મનગમતી નોકરી તેને આ વિખ્યાત મલ્ટીનેશનલ કંપનીમાં મળી હતી. તે પણ ખુબ સહજ રીતે. તેના આનંદનો પાર ન હતો. ફોન અને વોટ્સએપથી મેસેજ કરી મિત્રો અને સહાધ્યાયીઓને તેણે ખુશીના આ સમાચાર આપી દંગ કરી દીધા હતા. અને ખુશીના આ સમાચારમાં સહભાગી થવા તેણે એક ગ્રાન્ડ પાર્ટીનું પણ આયોજન કર્યું હતું.

પાર્ટી રાતનાં મોડે સુધી ચાલી હતી. ખુબ ધમાલ મસ્તી કરી હતી. મિત્રોને લાગતું હતું કે તેના નસીબ આગળનું પાંદડું ખસી ગયું છે સુખ, સમૃદ્ધિ, સત્તા અને ગૌરવપ્રદ પદ પ્રાપ્તિ દ્વારા તેની પ્રગતિમાં અનેક દ્વાર ખુલી ગયાં છે. સૌ એ તેને અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી હતી. તેનાથી તેના હર્ષનો પાર ન હતો. હૈયું પણ ગદ્ગદ થઈ ગયું હતું.

**બીજા દિવસે સવારે અખબાર ખોલતાં જ તેની નજર હેડલાઈન પર પડી, અને તેમાં છપાયેલ સમાચાર પર જઈ અટકી ગઈ. વિખ્યાત મલ્ટીનેશનલ કંપનીમાં પોલીસની રેડ... ધરપકડો...**

પરંતુ બે વર્ષનાં ટૂંકાગાળામાં તેને આ મોટી મલ્ટીનેશનલ કંપનીની નાનામાં નાની બહાર દેખાતી અને ગુપ્ત એવી આંતરિક બાબતોની કાર્યકુશળતાનું રહસ્ય જાણ્યા મળી ગયું હતું.

ચમચાગીરી કરવાની ન તો તેને આદત હતી કે ન તો તેના સ્વભાવમાં હતું. તે ખુબ જ સિદ્ધાંતવાદી હતો. તેના કારણે સાહેબના નજીકના કહેવાતા કર્મચારીઓને કારણે તે સાહેબની આંખે ચડી ગયો. તે રોજની કચકચથી પરેશાન થઈ ગયો હતો.

આજ અચાનક તેણે રાજીનામું લખી સાહેબના ટેબલ પર પારદર્શક પેપરવેઈટ નીચે દબાવી ને તે નીકળી ગયો.

તે ઓફિસેથી પાછો ફર્યો અને ઘરે આવી વાત કરી તો તેના ઘરના સભ્યો અને મિત્રો જાણી જોઈને તેણે કરેલી આ મુર્ખામી માટે તેણે મહેણાં ટોણાં મારતા હતા. તેનાથી તે કંટાળી ગયો.

બીજા દિવસે સવારે અખબાર ખોલતાં જ તેની નજર હેડલાઈન પર પડી. અને તેમાં છપાયેલ સમાચાર પર જઈ અટકી ગઈ.

વિખ્યાત મલ્ટીનેશનલ કંપનીમાં પોલીસની રેડ... ધરપકડો...

ખુશીના માર્યા તેના મોંમાંથી ચીસ નીકળી ગઈ.

# રાધાજીને તો કયારેય કોઈ વાતનું ખોટું લાગે જ નહીં

(ગતાંકથી ચાલુ)

શ્રી ઉસ્માન અલી નિર્મિત અને એસ. એ. અકબર દિગ્દર્શિત ફિલ્મ 'પતિ પત્ની' સન. ૧૯૬૬માં રજૂ થઈ હતી. સન. ૧૯૪૮થી પોતાની ફિલ્મી કારકિર્દી શરૂ કરનાર અભિનેત્રી નંદા (મૂળ નામ નંદા કર્ણાટકી) એ સમયે ફિલ્મ ક્ષેત્રમાં એક સફળ અભિનેત્રી તરીકે નામ અને શાન પ્રાપ્ત કરી અને સ્થિર થઈ ચૂક્યા હતા. ફિલ્મ 'પતિ પત્ની'માં મુખ્ય અભિનેત્રીની ભૂમિકા નંદાએ ભજવી હતી. લગભગ એ જ અરસામાં પોતાની ફિલ્મ કારકિર્દીની શરૂઆત કરનારા અને તેમાં સ્થિર થવા માટે સંઘર્ષ કરી રહેલા અભિનેતા સંજીવ કુમાર ફિલ્મ 'પતિ પત્ની'માં નાયકની મુખ્ય ભૂમિકામાં હતા.

એ ફિલ્મનું શૂટિંગ ચાલતું હતું એ દરમ્યાન એક ઘટના બની. એક દિવસ નંદા મુંબઈની મેટ્રો ટોકીઝમાં ફિલ્મ જોવા ગયા. સ્વાભાવિક રીતે જ નંદા જેવી વિખ્યાત અભિનેત્રી ફિલ્મ જોવા જાય તો બાલ્કની કલાસની કેટેગરીમાં જ બેસીને ફિલ્મ જુવે. એ જ શૉમાં સંજીવ કુમાર પણ ફિલ્મ જોવા આવ્યા હતા. એ સમયે સંજીવ કુમારે પાયજામો અને કુર્તો પહેર્યા હતા અને તેઓ લોઅર કલાસની કેટેગરીમાં બેસીને ફિલ્મ જોતાં હતા. પોતાની સાથે ફિલ્મમાં કામ કરતાં પોતાના જ હીરોને લોઅર કલાસમાં બેસીને ફિલ્મ નિહાળતા જોઈને નંદાના મગજનો પારો હટી ગયો. તેમણે સંજીવકુમાર ઉપર ગૂસ્સો આવ્યો. સંજીવ કુમાર અને નંદા બંને ટોકીઝમાં મળ્યા પણ નંદાએ દૂરથી જ રામરામ કહીને સંજીવ કુમારની અવગણના કરી.

ત્યાર પછી જયારે બંને શૂટીંગમાં મળ્યા ત્યારે નંદાએ ફિલ્મના દિગ્દર્શક અને નિર્માતાને સંજીવ કુમારની હાજરીમાં ફરિયાદ કરી કે "તમારો હીરો તો 'ફેરીવાળા' જેવો છે. તેમને પોતાના સ્ટેટસનું કઈ જ ભાન નથી. તે લોઅર કલાસમાં બેસીને ફિલ્મો જુવે છે અને ટેકસીને બદલે બસમાં મુસાફરી કરે છે. આ પ્રકારના હીરોની સાથે કામ કરીને મારા સ્ટેટસને પણ નુકશાન થાય છે. જો સંજીવ કુમાર એક હીરોની જેમ ના રહી શકતા હોય તો ફિલ્મમાં બીજા કોઈને હીરો તરીકે લઈ લો." નંદાએ આ ફરિયાદ કરી ત્યારે પણ સંજીવ કુમાર એ જ કુર્તા અને પાયજામામાં હતા, તેમના હાથમાં સાદી છત્રી હતી અને હાથમાં પહેરેલી ઘડિયાળના પટ્ટામાં બસની ટીકિટ ભરાવેલી હતી.

સંજીવ કુમારની લાગણીને ઠેસ પહોંચે, તેમની લાગણી દુભાય એવા પ્રકારના નંદાના વર્તન સામે એ સમયે સંજીવ કુમાર કશું જ બોલ્યા નહીં અને એકદમ શાંત રહ્યા. પોતાના કામમાં મન પરોવ્યું અને એ ફિલ્મમાં સુંદર અભિનય કર્યો. થોડા વર્ષો પછી સંજીવ કુમાર પણ ફિલ્મ ઉદ્યોગમાં નામ અને શાન કમાયા. ત્યાર પછી પણ બંનેએ કેટલીક ફિલ્મોમાં સાથે કામ કર્યું. સંજીવ કુમાર ફિલ્મ ઉદ્યોગમાં સ્થિર થઈ ગયા અને હોનહાર અદાકાર તરીકે તેમને નામના મળી પછી જયારે જયારે નંદા અને સંજીવ કુમાર મળતા ત્યારે સંજીવ કુમાર સામે નંદાનું માથું શરમથી ઝૂકી જતું.

દરેક વ્યક્તિ રાધાજી જેવી ના થઈ શકે પણ કેટલીક વ્યક્તિ એવી હોય છે જે પોતાના સંબંધી દ્વારા જો પોતાની લાગણી દુભાય એવા વર્તનની સામે સંજીવ કુમારની જેમ મૌન રહીને કે હસતું મોઢું રાખીને પણ સંબંધીના વ્યવહાર વર્તના સહન કરી લેતા હોય છે. આવી વ્યક્તિ માટે કોઈ સંબંધીનો એકલ દોકલ વ્યવહાર કે ઘટના નહીં પણ તેમના માટે લાંબા સમયના સંબંધો વધારે મહત્વના હોય છે.

કોઈની લાગણી દુભાય એવું વર્તન કરનારને પણ ક્યારેક નંદાની જેમ પાછળથી પશ્ચાતાપ થતો હોય છે. તેમને પણ લાગણી દુભાવ્યા બદલ ક્યારેક પીડા થતી હોય છે પણ એ પીડા વિષે એ કોઈને કહી પણ શકતી નથી. કોઈની લાગણી દુભાવ્યા પછી જો એ સંબંધો કાયમ ના રહી શક્યા હોય તો લાગણી દુભાવનાર વ્યક્તિને એ સંબંધો ફરી પાછા જોડવા માટેની પણ ઈચ્છા થતી હોય છે. એ સમયે તેમને અવઢવ એ હોય છે કે સંબંધો ફરી પાછા જોડવા માટે પોતે જો પહેલ કરશે તો સામેની વ્યક્તિ કેવો પ્રતીભાવ આપશે.

કોઈ વ્યકિતના વર્તન થકી તેના ઉપર ગુસ્સે થવું અને તેના થકી ખોટું લાગવું એ બંને લાગણી વચ્ચે ફેર છે. વ્યકિતને ખોટું લાગે છે ત્યારે તેની લાગણી દુભાય છે. તેને હદયમાં એક પ્રકારની પીડા થાય છે. તેના હદયમાથી એક પ્રકારની ટીસ નીકળતી હોય છે જે ભાગ્યે જ કોઈના કાન સુધી પહોંચે છે. એ પીડા તે વ્યક્તિ મૂંગા મોઢે સહન કરી લેતી હોય છે. ક્યારેક એકલા એકલા છુપા આસું પણ સારી લેતી હોય છે. આ વેદના ના કહી શકાય કે ના સહી શકાય એવી હોય છે. પોતાની પીડાને એ પોતાની અંદર જ ધરબી દેતી હોય છે. વ્યક્તિને જે સંબંધી પ્રત્યે ખોટું લાગ્યું હોય એ સંબંધીને તે પ્રત્યક્ષ રીતે કહી પણ શકતી નથી અને તેની સાથે વ્યવહારો કે સંબંધો પણ તોડી શકતી



## આવો જીવીએ શાનદાર

વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk

નથી. આ પરિસ્થિતી ખુબ જ દર્દનાક અને અસહ્ય હોય છે. આવી પરિસ્થિતીમાં વ્યક્તિને એવી અપેક્ષા જાગતી હોય છે કે પોતાના આંસુ કોઈ નજીકની વ્યક્તિ જુવે, પોતાના આંસુનું કારણ કોઈ પૂછે અને પોતાના આંસુ કોઈ લૂછે પણ મોટાભાગે તેમની આ પ્રકારની અપેક્ષાઓ ઠગારી જ નિવડતી હોય છે.

કોઈ જ વ્યક્તિ છાતી ઠોકીને એવું ના કહી શકે કે પોતાને ક્યારેય કોઈ જ વાતનું ખોટું લાગતું જ નથી કે પોતાની લાગણી ક્યારેય દુભાતી જ નથી. એ વ્યક્તિ ભલે ગમે એટલી મજબૂત હૃદયની હોય, સાવ નિષ્ઠુર હોય કે એકદમ દરિયાદિલ હોય પણ ક્યારેક ને ક્યારેક તો તેમની લાગણીને ઠેસ પહોંચતી જ હોય છે. પોતને ક્યારેય ખોટું ના લાગે કે પોતાની લાગણી ક્યારેય ના દુભાય એવા તો એક અને માત્ર એક રાધાજી જ હોય શકે.

રાધાજીને કોઈ જ વાતનું કે કોઈ જ વ્યક્તિ પ્રત્યે ખોટું લાગતું ન હતું એ વાતનો અર્થ એવો ના કરી શકીએ કે રાધાજી લાગણીહીન હતા અથવા તો તેમને સ્વમાન ના હતું. રાધાજી કદાચ બધા જ ગોપ-ગોપીઓ કરતાં વધારે લાગણીશીલ હતા અને એટલા જ કે એથી પણ વિશેષ સ્વમાની હતા પણ રાધાજી સાચા દિલથી સૌને અને ખાસ કરીને શ્રીકૃષ્ણને પ્રેમ કરતાં હતા અને તેમની લાગણીને સાચી રીતે સમજી શકતા હતા, તેમનામા રાધાજીને સપૂર્ણ વિશ્વાસ અને શ્રધ્ધા હતી એટલે જ કદાચ તેમણે કોઈ વ્યક્તિ પ્રત્યે ખોટું લાગતું ન હતું કદાચ એ જ કારણસર, રાધાજી પોતાના અંતકાળ સુધી બધા જ જોડે સંબંધો સાચવી શક્યા હતા.

આપણને જો કોઈની વાત કે વર્તન થકી ખોટું લગાડવાની આદત હોય તો આપણે પોતે આપણી જાતને પીડા આપીએ છીએ. આપણાં વર્તન થકી અન્ય કોઈને ખોટું લાગતું હોય તો આપણે અન્ય વ્યકિતને પીડા આપીએ છીએ અને તેની પીડા આપણે પણ ભોગવી છીએ. આમ બંને તરફ આપણને પોતાને અને આપણાં સ્નેહીજનને પીડા થતી જ હોય છે અને તેના થકી આપણાં સંબંધો ઉપર વિપરીત અસર પણ થતી હોય છે. આપણે ભલે રાધાજી જેવા ના બની શકીએ, પણ એ દિશા તરફ પગલાં તો અવશ્ય માંડી શકીએ.

# આપણો વિચિત્ર અભિગમ : વરસાદ હોય કે ના હોય !!

જીવનની તડકી-છાંયડી અને સુખ-દુઃખમાંથી પસાર તથા માણસને હવે સ્વયંની કઈ અનુભૂતિ છે તે વિશે પણ ખબર રહી નથી. પ્રત્યેક દિવસ નવિન ઘટના - નવીન શોધ અને વાત લઈને આવે છે. પરંતુ આ બધાને સાચા અર્થમાં મૂલવવાની શક્તિ માનવી ગુમાવતો જ જાય છે. વિશ્વનાં પ્રત્યેક માણસની એક ફરિયાદ સર્વ સામાન્ય એ છે કે 'તેને કોઈ સમજતું નથી!' બીજી વ્યક્તિ તેને સાચા અર્થમાં સમજતી નથી આ બાબત સર્વત્ર વ્યાપક છે. વાસ્તવમાં વૈશ્વિક પરિવર્તનો જબરા અને ઝડપી થઈ ગયા છે અને માનવની માનસિકતા ગતિપૂર્વક હજી બદલાઈ રહી નથી. કલાઈમેટ ચેન્જ એ દુનિયા આખીને મુંઝવતો પ્રશ્ન છે. બર્ફીલા પહાડો ઓગળી રહ્યા છે. ભૂસ્ખલનો વધતા જાય છે, જંગલોમાં આગ લાગે તો મહિનાઓ વિતી જાય છે કાબુમાં લેતા અથવા ભૂકંપ લાગતા રહે છે અને વાવાઝોડા પણ વિનાશક જ હોય તેમ લાગેછે. વિશ્વનું પર્યાવરણ બુરી રીતે બગડી જ ગયું જેની અસર ભારતમાં અનિયમિત ચોમાસામાં સ્પષ્ટ રીતે દેખાય છે! ગરમીનું પ્રમાણ તો વધતું જ જાય છે જે ઉનાળો પણ લંબાઈ રહ્યો છે ઠંડીની તો શરૂઆત બહુ જ મોડી મોડી થાય છે આમ ત્રણ ઋતુથી બનેલું ચક્ર હવે પ્રભાવિત થઈ ગયું છે. સામાન્ય રીતે ઊભું થતું ચોમાસું ગાયબ થઈ ગયું છે. દરિયામાં કરન્ટ ઊભો થાય લોક પ્રેસર સર્જાય તો જ વરસાદની આશા ફળે છે બાકી રામ ધૂન લાગી ગોપાલ ધૂન લાગી ! આ વર્ષે અષાઢના છેલ્લા સપ્તાહ અને છેલ્લા દિવસે મેઘાએ ધામધૂમથી એન્ટ્રી કરી તો ઘણા ખરા - વિસ્તરો અને રાજયો જળબંબાકાર થઈ ગયા. મુંબઈમાં જનજીવન થંભી ગયું. વડોદરામાં તો આગ ફાટી ગયું ! દક્ષિણ ગુજરાતમાં પણ જળબંબાકારના દશ્યો સર્જાઈ ગયાં. ચોમાસું આવે ત્યારે એ શું લાવે ? એ સમજો.

માનવજાતને કોઈ રીતે રાજી રાખી શકાય તેવું રહ્યું નથી. વર્ષાના અભાવમાં સર્વત્ર કાળો કકળાટ. પાણીની તંગી અને જીવનમાં ઉદાસીનતા, પશુ અને કૃષિ બંને પાણીના અભાવે દુઃખદાયી થઈ જાય. પ્રશાસન તેમાં વિસ્તાર મુજબ સહાયતા કરે છે પણ નથી નથી ના આ વિપત્તિમાં લોકો દુઃખી તો હવે ચોમાસું જોરદાર રીતે આવ્યું તો સર્વત્ર ચર્ચા, હાયવોય, પ્રિ મોન્સુન પ્લાન નિષ્ફળ ગયા વગેરે ઉપર ખુબ કકળાટ થાય છે. વરસાદ એ પ્રત્યક્ષ વરુણ દેવનો જગતભરને થતો ભીનો અને મધુર સ્પર્શ છે. પ્રત્યેક બુંદમાં જળશ્રી કૃષ્ણ છે ! ધરતીને આભનું વર્ષાના બુંદથી મળવું એ પ્રકૃતિની - અદ્ભૂત ઘટના હોય છે. વરસાદમાં પળળવું અને ભિંજાઈ જવું એ બંનેમાં તાત્વિક ભેદ છે અંદરથી ભીનાશ ઊભી થાય તો હૃદયની ઋજુતા વ્યાપક બની જાય છે. ભૌતિક રીતે પલળવું એ માત્ર ચોમાસાનો અણસાર હોય છે. પિવાના પાણીના આયોજન અમલી થઈ જવા જોઈએ અન્યથા આકાશથી ઉતરેલી કૃપા દરિયામાં જઈ મોક્ષ મેળવી લે છે અને આપણે બારેય માસ કકળાટ કરતા રહીએ છીએ!

શહેરોમાં થોડા વરસાદથી સર્વત્ર પાણી પાણી થઈ જાય તો તેમાં પ્રશાસન ઉપરાંત પ્રજા તરીકે આપણે બધા જવાબદાર તો છીએ. પ્લાસ્ટિકનો કચરો, અન્ય ભંગાર, મૃત પશુઓ, કેમિકલ્પ પ્રદૂષણ વગેરે જે વ્યાપક બને છે તેની જવાબદારી કોની ? ગટરની સફાઈ, રોડ રસ્તાના કામો વગેરેમાં ખામી હોય એ દશ્ય ભારતભરમાં જોવા મળે છે, ભ્રષ્ટાચાર એક કારણ છે છતાં પ્રજા સમયે જે જીવન ઉત્સવ માણવાનો હોય તે માણતી નથી. કાં તો અભાવમાં રડવું અથવા પ્રભાવમાં કકળાટ કરવો એ જીવનશૈલી બનાવી દીધી છે. હાલ કુદરતનો પ્રેમ આભમાંથી વરસી રહ્યો છે તેનો આનંદ માણો અને ભગવાનનો આભાર પણ માનો કે હે પ્રભુ તું ખુબ જ દયાવાન અને કૃપાળું છે. સૃષ્ટિનું સૌંદર્ય તારી કૃપા વિના સાવ અધુરું છે. આવી ભાવના પ્રગટ કરવાના દિવસો ચાલે છે.

ચોમાસું એટલે કે મોન્સુન ઘણું અનિયમિત થઈ ગયું છે. એ હકિકત માનવી જ પડે પરંતુ જે અભાવથી પ્રજા બધી પીડિત થાય છે તે બાબતે જાગૃતિ ઘટે છે પ્રશાસનના કામોમાં મજબૂતી જોઈશે નક્કર પરિણામો લાવવા પડે



## જીવન ઉપવન

મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

તો જ કકળાટની વિદાય થઈ શકે. વધુ વર્ષા આવી તો એ પણ સારી બાબત જ છે આપણા જ કર્મોથી થતા દુઃખો ને પણ સહજ સ્વીકૃત કરવા પડે હવે તો એન.ડી. આર.એફ. ની ટીમો સત્વરે એક્શન મોડમાં આવીને જરૂરી મદદ કરે છે પણ માણસ બીજા માણસને સહાય કરવા તૈયાર નથી ત્યાં હજી ઘણા મતમતાંતર પ્રવર્તે છે. આપણે સંખ્યા છીએ પણ સરવાળો થયા નથી આવું સ્વામી સચ્ચિદાનંદજીનું વિધાન છે !! સરવાળો થવો સુખ માટે તો ફરજિયાત છે અને દુઃખમાં તો બધા તણખલું પણ શોધતા હોય છે. ચેક ડેમો, નાના તળાવડા, નદીઓ, વોટર નિચાર્જીસ, ટાંકાઓ, કુવામાં પાણી વરસાદનું ઉતારવું વગેરેમાં હવે પુષ્કળ ધ્યાન આપવાની જરૂરત છે કેમ કે આઠ-દસ માસ ચાલે તેટલું પીવાનું અને કૃષિ માટે જળ જોઈએ છે. બધી જ પરિસ્થિતિમાં રડતા રહેવાની જે માનસિકતા વ્યાપક થઈ રહી છે તેને રોકવાની ઘડી આવી ગઈ છે. સરકાર બજેટથી નાણાં ફાળવે યોજના બનાવે પરંતુ આ બધું યોગ્ય રીતે થાય તે માટે જન જાગૃતિ સાથ અને ઐક્ય પણ આવશ્યક છે! શહેરીજનોએ વરસાદની ઋતુમાં પરિવારો ને કુદરતના રૂપને દર્શાવવા આઉટિંગમાં લઈ જવાથી નાના જે બાળકો હોય તેને નદી-તળાવ - વગેરેનો ખ્યાલ આવે અને આ પ્રકારની જીવનશૈલીથી મનને શાંતિ પણ મળે છે અભિગમ બદલો અને આનંદના આગમનને સત્કારો.

**શેર આસ્વાદ :**
**કભી કભી દિલ ચાહતા હૈ**
**કિ દિલ કુછ ના ચાહે અબ કભી**